Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૨૨ • તા. ૩૦ મે ૨૦૧૬ થી ૫ જુન ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

।। શ્રી વાસુપૂજ્યસ્વામિ નમઃ ।।   ।। શ્રી અનંતનાથાય નમઃ ।।   ।। શ્રી ચંદ્રપ્રભુસ્વામિ નમઃ ।।

।। શ્રી આર્ય-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદય-કલાબ્ધિસૂરિયે નમઃ ।।



રાષ્ટ્રસંત, ભારત દિવાકર,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

## બીજી પુણ્યતિથિએ ભાવાંજલી

જેઠ સુદ-૨,
સોમવાર, તા. ૦૬.૦૬.૨૦૧૬




યુગ પુરુષ, સૂરિ 'ગુણ' ના લાડિલા,
પ્રવચન પ્રભાવક પ.પૂ. મુનિરાજ
**શ્રી દેવરત્નસાગરજી મ.સા.**
ના ચરણોમાં
શત વંદન ! ક્રોડ વંદન ! ! અનંત વંદન ! ! !

### પામર જેવો હું !

હતો વનમાં...
પહોંચાડ્યો ઉપવનમાં...
હતો કાંટાની ઝાડીમાં...
પહોંચાડ્યો મને ગુલકંદના બગીચામાં...
ભટકતો હતો જંગલમાં...
લાવી દીધો મંગલ માં...
ભટકતો હતો અંધકારમાં...
લાવી દીધો પ્રકાશમાં...
રખડતો હતો સંસારમાં...
લાવી દીધો સંયમમાં...

જહ દિવ્વો અપ્પાણં પરં ચ દિવેઈ
દિત્તિ ગુણજોગા ।
તહ રયણતય જોગા,
ગુરૂવિ મોહંધયારહરો ।।

જેમ પ્રકાશ ગુણના યોગથી
દીવો પોતાને અને બીજાને પ્રકાશિત કરે છે.
અંધકાર દૂર કરે છે
તેમજ ગુરુ પણ રત્નત્રયના યોગથી
પોતાને અને બીજાના મોહરૂપી
અંધકારને હરે છે.
અર્થાત્ પ્રકાશિત કરે છે. અજવાળું પાથરે છે.

અમારા પરમોપકારી, અનેક ગુણોથી અલંકૃત,
પરમ તારક ગુરુદેવના દ્વિતીય પુણ્યતિથિએ
ગુણાંજલી! પુષ્પાંજલી!! શ્રદ્ધાંજલી!!!

**बाते भूल जाती है... यादें याद आती है...**

પ્રતિષ્ઠા મહોત્સવ, દિક્ષા મહોત્સવ, શંત્રુજય બાળ ૯૯ યાત્રા,
ગિરનાર ૯૯ યાત્રા, દર રવિવારીય જીવન શણગાર શિબિર, સંધ્યા ભક્તિ, છ'રી પાલિત સંઘો,
ગૌતમ સ્વામી, શત્રુંજય, મહાલક્ષ્મી દેવી, જ્વાલામાલિની દેવી,
સરસ્વતી દેવી, યંત્ર પૂજન અનુષ્ઠાન, ૨૦ દિવસીય બલસાણા-વિમલ વિદ્યા અનુષ્ઠાન

ગુરૂભક્ત : માતુશ્રી જવેરીબાઇ ખીમજી હીરજી મોમાયા (સાંયરા-હુબલી)

AVANI 9833432251

# ૧૩મો ધ્વજ મહોત્સવ-મંજલ રેલડિયા જિનાલયે







સાધ્વીશ્રીના આશિર્વાદથી પૂજામાં મગ્ન ભાવિકજનો

ભોજનશાળાનું ભૂમિ પૂજન કરતા



માતૃશ્રી ભાણબાઈ પાસુભાઈ ગોસર પરિવાર



ધ્વજા ઉપર સાધ્વીશ્રી દ્વારા કેશર છાંટણા






લાભાર્થી પરિવાર દ્વારા શ્રી ધ્વજાની દેરાસરજીને પ્રદક્ષીણા



લાભાર્થી પરિવાર દ્વારા ધ્વજારોહણ





મંજલ નિવાસીઓ, ગ્રામ્યજનો તથા આજુબાજુના પરિસરથી પધારેલ ભાવિકજનો


## શ્રી અરિહંત કો.ઓપ. બેંક લીમીટેડ

બોર્ડ ઓફ ડાયરેક્ટર વર્ષ ૨૦૧૬-૨૧
ના ચેરમેન અને વાઇસ-ચેરમેન પદે ચૂંટાયા બદ્દલ
ખુબ ખુબ અભિનંદન





શ્રી હીરાચંદ દામજી દંડ-ચેરમેન
(મંજલરેલડીયા-અંધેરી)

મહેનત, સમાજસેવા તેમજ પ્રમાણિકતા જેમના નસેનસમાં છે
અમારા પરમ મિત્રો અને જ્ઞાતિ હિતચિંતક
**શ્રી હીરાચંદભાઇ દંડ અને શ્રી મુકેશભાઇ મૈશેરી**
જેમના વિચારો અને કાર્યશૈલી જે શ્રી અરિહંત કો.ઓપ. બેંક લી. ને
એક નવીજ મંજીલ ઉપર લઇ જશે.
સમાજના વિકાસલક્ષી કાર્યોને નવી જ ગતિ પ્રદાન કરશે તેમજ તેઓ
સફળતાના શિખરો પાર પાડે એવી હૃદયપૂર્વકની શુભેચ્છાઓ



શ્રી મુકેશ દામજી મૈશેરી-વાઇસ ચેરમેન
(લાલા-મુલુન્ડ)

શુભેચ્છકો...

| | | |
|---|---|---|
| શ્રી કલ્પેશ માણેકજી મોતા (રાપરગઢવારી-ઘાટકોપર) | શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (વરાડીયા-માટુંગા) | શ્રી લેરીન વર્ધમાન ખોના (સુજાપર-પવઇ) |

| | | | |
|---|---|---|---|
| શ્રી રમેશ હીરજી લોડાયા (મંજલ/સુથરી-ડોંબિવલી) | શ્રી ચેતનકુમાર ખીમજી મોમાયા (જખૌ-ઘાટકોપર) | શ્રી અતુલ ડુંગરશી ધરમશી (સુથરી-ડોંબિવલી) | શ્રી કમલેશ મુલચંદ સોની (જખૌ-ડોંબિવલી) |

# મંજલ રેલડિયામાં શ્રી આદિશ્વરજી દાદાનાં જિનાલયે ૧૩૪મો ધ્વજામહોત્સવ ધામધુમથી ઉજવાયો

અબડાસા તાલુકામાં પાંચ નાના-મોટાં તળાવો ક્યારેક ભરેલા, ક્યારેક સાવ ખાલી થી ઘેરાયેલ, ટેકરીની ઉપર બિરાજમાન, પક્ષીઓનાં કલરવોથી ટહુકતું, એક ગામ એટલે મંજલ રેલડિયા / મંજલ મોરેવારી. દિનાંક ૧૫મી મે થી આ શાંત ગામ પ્રવૃતિઓથી ધમધમી ઉઠ્યું. ઉષા આકાશમાં રંગબેરંગી રંગોથી રંગોળી પુરી રહી હતી, ભાનુદેવ પોતાના અષ્ટ ઘોડાઓનાં રથ પર આરૂઢ થઈ છડીદારા છડી પુકારે તેની રાહ જોઈ રહ્યા હતા તે પહેલાં રાયધણજરની વાટ ઉપરથી સ્વચ્છ ધવલ વસ્ત્રમાં સજ્જ સંયમ જીવનનાં, ૫૦ વર્ષીતપનાં સાધક અચલગચ્છાધીપતિ પ.પૂ. ગુણોદયસાગર સાહેબ જેમના મુખારવિંદ પર હંમેશ મંદ મંદ રમતું હાસ્ય અને એક અદ્ભૂત તેજ પ્રસરી રહ્યું છે, તેમના આજ્ઞાવર્તિની, શ્રી વર્ધમાન તપોનિધી સુ.સા. વિશ્વોદયાશ્રીજી મ.સા. નાં સુશિષ્યા સા.શ્રી કેવલ્યગુણાશ્રીજી, સા.શ્રી કારૂણ્યગુણાશ્રીજી અને સા.શ્રી સત્વગુણાશ્રીજી આદી ૩ ઠાણાનાં પુણ્ય પગલાં પાડી રહ્યા હતા. તેઓશ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘનાં પ્રેમ ભક્તિપુર્ણ આગ્રહથી આદેશ્વરજી દાદાની ૧૩૪મી ધ્વજા મહોત્સવને પોતાના ગુરુ આજ્ઞાથી આશિર્વાદ આપવા પધારી રહ્યા હતા. આવા સુંદર પ્રસંગે ગ્રામ્યજનોનાં હૃદયમાં ઉર્મીઓ હિલોળા લે તેમાં નવાઈ પણ શું...!!

ગહુંલીઓ કાઢીને, પુજ્યશ્રીઓનાં આગમનને વધાવી, સૌ તળાવની પાળ પાસેથી ટેકરી પર વસેલા ગામ તરફ ગુરુજીનો જય જયકાર કરતા "ઢોર" (ટેકરી પર જવાની કેડી) ઉપર ધીમે પગલે આગળ વધવા માંડ્યા જાણે મહોત્સવનાં આયોજનને સફળતાનાં શિખર તરફ દોરી જતા હોય.

તા. ૧૬મી મે સોમવાર નો સોહામણો દિવસ ઉગ્યો અને મુંબઈ અને દેશાવરથી મંજલ નિવાસીઓ તુફાનમાં બેસી પધારવા લાગ્યા જેમની રહેવાની સુવ્યવસ્થા કેટલાક ગ્રામ્યજનોનાં ઘરમાં તેમજ ગામ વંઢીનાં અતિથી ગૃહમાં કરવામાં આવી હતી.

ધ્વજારોહણ કાર્યક્રમના પ્રથમ દિવસે સાધ્વી કેવલ્યગુણા મ.સા.ના વ્યાખ્યાન તથા બપોરે જિનાલયના અઢાર અભિષેક ૨૦૦થી વધુ ભાવિકોની હાજરીમાં વિધિકાર શ્રી કેશવજીભાઈ ધારશી ગડાના મંત્રોચ્ચાર સાથે કરાયા હતા. સંગીતમય પ્રભુ ભક્તિની રમઝટ સંગીતકાર કિશોર સંઘાર અને ભાવના વોરાએ બોલાવી હતી.

રાત્રે સંગીતમય ભક્તિ ભાવનાનું પણ આયોજન કરાયું હતું. દ્વિતીય દિવસે જિનાલયની ૧૩૪મી વર્ષગાંઠ પ્રસંગે નૂતન ધજા ચડાવવાનો લાભ માતૃશ્રી દમયંતીબેન મધુકાંત દંડ પરિવારે લીધો હતો. સત્તર ભેદી પૂજા વિધિ-વિધાનપૂર્વક સંગીતના સૂરો સાથે ભણાવાઈ હતી.

પ્રભુને ચંદ્રદર્શન કરાવવાનો લાભ ભારતીબેન હીરાચંદ દંડ પરિવાર તથા સૂર્યદર્શન કરાવવાનો લાભ નેણબાઈ હીરજી લોડાયા પરિવાર અને શાંતિ કળશનો લાભ જયાબેન ચત્રભુજ દંડ પરિવારે લીધો હતો. દેરાસરની વાર્ષિક પૂજા તથા અન્ય ચડાવાનો મુંબઈથી આવેલા ગ્રામજનોએ લાભ લીધો હતો.

ગામવાસીઓ માદરે વતન પ્રસંગોપાત હાજરી આપી શકે અને યુવાપેઢી ગામથી સંલગ્ન રહી શકે તેવા આશયથી સંઘ દ્વારા આધુનિક અતિથિગૃહ તથા ભોજનાલયના શિલાન્યાસ તથા ભૂમિપૂજનનો કાર્યક્રમ યોજ્યો હતો. જેની વિધિ ગામના જ કર્મકાંડી બ્રાહ્મણ શ્રી ચંદુલાલ રાજગોરે કરાવી હતી.

**મહોત્સવ પ્રસંગે અતિથિગૃહ અને ભોજનાલયના શિલાન્યાસ કાર્યક્રમ યોજાયા**

## ૧૩૪મી ધ્વજારોહણના ચડાવા અને ઉછામણીના લાભાર્થી

* ૧,૧૧,૧૧૧/- **૧૩૪મી ધ્વજારોહણના લાભાર્થી** માતૃશ્રી દમયંતીબેન મધુકાંત દંડ પરિવાર હસ્તે : તુષારભાઈ
* ૬,૦૦૧/- **સૂર્ય દર્શન** માતૃશ્રી નેણબાઈ હિરજી લોડાયા પરિવાર, હસ્તે : શ્રી વિરચંદ, શ્રી રમેશ લોડાયા
* ૧૦,૦૦૧/- **ચંદ દર્શન** શ્રીમતી ભારતીબેન હિરાચંદ પાશ્વીર દંડ પરિવાર
* ૧૦,૦૦૧/- **શાંતિ કળશ, (૧૮ અભિષેક)** માતૃશ્રી જયાબેન ચત્રભુજ દંડ પરિવાર, હસ્તે : ગીરીશભાઈ

**વાર્ષિક ચડાવા** * ૨૧,૧૨૧/- **પ્રક્ષાલ પૂજા** શ્રીમતી લતાબેન સોમચંદ ધરમશી અને શ્રીમતી ગીતાબેન રમેશ લોડાયા * ૧૮,૧૧૮/- **કેશર ચંદન પૂજા** માતૃશ્રી લક્ષ્મીબેન ખીમજી વિરજી ગોસર પરિવાર, હસ્તે : પરેશ * ૧૬,૧૧૬/- **પુષ્પ પૂજા** માતૃશ્રી કુંવરબાઈ હિરજી કરમશી વોરા પરિવાર, હસ્તે : કલ્યાણજીભાઈ * ૧૦,૦૦૧/- **ધુપ પૂજા** શ્રીમતી મીઠીબાઈ સોમચંદ દંડ (વરાડીયા) * ૭,૫૦૧/- **અંગ લુછણા** માતૃશ્રી જયાબેન ચત્રભુજ દંડ પરિવાર, હસ્તે : ગીરીશભાઈ * ૧૬,૧૧૬/- **દિપક પૂજા** માતૃશ્રી જવેરબેન ખીમજી કોરશી ગોસર પરિવાર, હસ્તે : પ્રવિણભાઈ

**અતિથિગૃહ પૂજનના લાભાર્થી** * ૧૮,૧૧૮/- શ્રી લક્ષ્મીચંદ પાસુભાઈ ગોસર પરિવાર **(ભૂમિ પૂજન)**, * ૨૭,૧૨૭/- માતૃશ્રી દમયંતિબેન મધુકાંત દંડ પરિવાર **(શિલાન્યાસ)** * ૧૧,૦૦૧/- માતૃશ્રી પ્રેમાબાઈ ધનજી લોડાયા પરિવાર, હસ્તે : શ્રી પ્રફુલ **(ભૂમિમાં અર્પણ વસ્તુ)** * ૧૧,૦૦૧/- શ્રી પ્રફુલ ધનજી લોડાયા પરિવાર **(જાગૃત દિપક)**

**ભોજનશાળા પૂજનના લાભાર્થી** * ૧,૦૧,૧૧૧/- માતૃશ્રી ભાણબાઈ પાસુભાઈ ગોસર પરિવાર **(ભુમિ પૂજન)** * ૩૬,૧૩૬/- માતૃશ્રી જયાબાઈ શામજી ગોસર પરિવાર વાડા પધ્ધર, હસ્તે : ભારતીબેન સુનિલભાઈ **(શિલાન્યાસ)** * ૧૨,૧૧૨/- શ્રી ધનજી કેશવજી લોડાયા પરિવાર હસ્તે : શ્રી પ્રફુલ **(ભૂમિમાં અર્પણ વસ્તુ)** * ૧૨,૧૧૨/- માતૃશ્રી જયાબાઈ શામજી ગોસર પરિવાર વાડા પધ્ધર, હસ્તે : ભારતીબેન સુનિલભાઈ **(જાગૃત દિપક)**

## તંત્રી સમીપે

### અનંતનાથજી ટ્રસ્ટ :

# ટ્રસ્ટની મિલકતોના વહીવટમાં વિરોધાભાસી નીતિઓ અને નિર્ણયો

અનંતનાથજી ટ્રસ્ટના વર્તમાન ટ્રસ્ટીઓએ પોતાની વહીવટી મુદતનું એક વર્ષ પૂરું કર્યું છે. ટ્રસ્ટની બાબતોમાં પ્રમાણમાં તદન અપરિચિત અને બિનઅનુભવી કહી શકાય એવા મોટા ભાગના ટ્રસ્ટીઓને ટ્રસ્ટ વહીવટની પેચીદી વિગતોથી સુપરિચિત થવા છ એક માસ જેટલો સમય લાગે તે સ્વભાવિક ગણીને જ્ઞાતિએ આઠ-દસ મહીના લગી તેમની કચાશો-ક્ષતિઓને નિભાવી લીધી એ મુદે કેટલું તથ્ય છે તે વિષે બે મત હોઈ શકે પરંતુ છેલ્લાં ચાર-પાંચ મહિનાથી ટ્રસ્ટબોર્ડ જે રીતે - ખાસ કરીને ટ્રસ્ટની મિલકતો અંગે અને ફંડોના ઉપયોગ અંગે નિર્ણયો લઈ રહ્યું છે કે નિર્ણયો લેવાનું ટાળી કે વિલંબિત કરી રહ્યું છે તેથી તેમની ટ્રસ્ટ વહીવટ કરવા અંગેની સક્ષમતા અને કુશળતા પર મોટો પ્રશ્ન ઊભો થઈ રહ્યો છે તે વિષે જ્ઞાતિજનોમાં મહદંશે બેમત નથી તે હકીકત જ્ઞાતિના આ વિશાળકાય ટ્રસ્ટ માટે આ તબક્કે તો કરૂણ વાસ્તવિકતા બની ઊભી છે તેટલું કહીએ તો તેમાં ઘણુંબધું આવી જાય છે.

ત્રણેક સપ્તાહ પહેલાં ટ્રસ્ટીઓએ ટ્રસ્ટની માંડવી-મસ્જીદબંદરની મિલકતોની વિગતવાર માહિતી આપતી જાહેરાત દ્વારા મસ્જિદ બંદર વિસ્તારમાં ટ્રસ્ટની માલિકીના મકાનોથી ''જ્ઞાતિજનોના હિતાર્થે, જ્ઞાતિજનોને કઈ રીતે વધારેમાં વધારે ફાયદા થાય'' તે બાબત સલાહ સૂચનો મોકલવા,જ્ઞાતિજનોને આમંત્રણ આપ્યું છે તેમ જ ''બિલ્ડર / ડેવલપર્સ, ક.દ.ઓ. જ્ઞાતિજન / સંસ્થા તરફથી ટ્રસ્ટની માલિકીના મકાનોના રીડેવલપમેન્ટ માટે પ્રયોજના (પ્રપોઝલ) આવકાર્ય છે'' તે રીતે અને તે જાહેરાતની અન્ય વિગતો દ્વારા ટ્રસ્ટીઓએ ટ્રસ્ટની માંડવી-મસ્જીદબંદરની ૧૩ મિલકતો બાબતે એક રીતે પોતાની પારદર્શિતા દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે તેવું પ્રથમ દષ્ટિએ લાગે. તે છતાં હકીકતમાં, ટ્રસ્ટીઓ મુખ્યત્વે આપણા જ્ઞાતિજનોનો વસવાટ છે, તે મકાનોના પુનર્વિકાસનો પ્રશ્ન તેમને મુંઝવી રહ્યો છે અને રખેને તે પુનર્વિકાસ આર્થિક રીતે કે વ્યવહારૂપણે શક્ય જ નથી તેવો પોતે નિર્ણય લે તેના પ્રત્યાઘાતો તેમને જ્ઞાતિમાં અપ્રિય બનાવી દે તેવી પ્રતિષ્ઠાભંગમાં પરિણમે એવા ડરથી ને સંભાવનાથી ટ્રસ્ટીઓએ આ મિલકતોને જ્ઞાતિની અદાલતમાં લાવી મૂકી છે તેવી માન્યતાને વધુ સમર્થન મળે તેમ છે.

આ પશ્ચાદભૂમાં ટ્રસ્ટીઓએ ઉપરોક્ત જાહેરાતને કારણે જ્ઞાતિ સમક્ષ એકથી વધુ પ્રશ્નોના જવાબો આપવા પડે તેમ છે.

ટ્રસ્ટીઓએ, ફક્ત મસ્જીદબંદરની મિલકતો અંગે જ માહિતી આપી જ્ઞાતિજનોનાં સૂચનો અને બિલ્ડર-ડેવલપર્સના પ્રપોઝલો આમંત્ર્યા છે અને ટ્રસ્ટની ખાસ કરીને ભાંડુપની અને કાંજુરમાર્ગની મિલકતો અંગે ટ્રસ્ટીઓએ ચૂપકીદી સેવી છે તે સૂચક છે અને તેના ઘણા સૂચિતાર્થો છે.

થોડા સમય પહેલાં ટ્રસ્ટીઓએ એક જાહેર કાર્યક્રમમાં જેને ટ્રસ્ટ કે મુંબઈ મહાજન સાથે કોઈ નિસબત ન હતી, તેમાં ટ્રસ્ટના એક ટ્રસ્ટીને ભાંડુપની 'અનંતસિધ્ધિ'ની મિલકતના પુનર્વિકાસની યોજનાની બાબત સોંપવામાં આવી છે તેવી મંચ સ્થાનેથી જાહેરાત કરી હતી. આ જાહેરાત કોઈ ઉત્સાહના અતિરેકમાં થઈ ન હતી પરંતુ તે સહેતુક અને પૂર્વયોજિત હતી અને તેમાં ટ્રસ્ટબોર્ડના આંતરિક માળખાને અમુક રીતે સાચવી લેવાનો તેમજ અનંતસિધ્ધિના પુનર્વિકાસના મામલે અંતિમ નિર્ણય લેવાનું અધિકાર કેન્દ્ર કયાં રહેશે તેનો સંકેત આપવાનું પ્રયોજન હતું તે અછતું ન રહ્યું.

એ જે હોય તે, ટ્રસ્ટ એક્ટની જોગવાઈઓ અનુસાર, ટ્રસ્ટી કે ટ્રસ્ટીઓ, ટ્રસ્ટની વહીવટી બાબતો વિષે નિર્ણય લેવાની સત્તા અન્ય એક કે વધારે ટ્રસ્ટીઓ હસ્તક સોંપી ન શકે અને જો તેમ કરે તો તેમણે ટ્રસ્ટનો વિશ્વાસભંગ કર્યો ગણાય, તે મૂળભૂત કાનુની સ્થિતિ જોતાં આ


**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606



**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા



**અંક નં. 21/2016**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

ટ્રસ્ટબોર્ડે 'અનંતસિધ્ધિ'ના પુનર્વિકાસની બાબત એક કે અમૂક ટ્રસ્ટીઓને સત્તા આપી હશે તો તેવો નિર્ણય તેમણે સત્વરે રદ કરવો પડશે.

'અનંત સિધ્ધિ' બાબતે લેવાયેલ કે જાહેર કરાવેલ ઉપરોક્ત નિર્ણય આમ પણ ટ્રસ્ટીઓના અન્ય નિર્ણયથી વિરોધાભાસી છે. જો ટ્રસ્ટીઓ મસ્જીદબંદરની મિલકતો બાબતે જ્ઞાતિજનો અને બીલ્ડર-ડેવલપરનાં સૂચનો અને પ્રયોજનાઓ આમંત્રતા હોય તો તેમણે ભાંડુપની 'અનંતસિધ્ધિ' અને કાંજુરમાર્ગની મિલકતો બાબતે પણ આવાં સૂચનો અને પ્રયોજનાઓ માટે જ્ઞાતિજનો અને ખાસ કરીને જ્ઞાતિનાં બીલ્ડર-ડેવલપરોને પણ આમંત્રણ આપવું જોઈએ. આ માટે જાહેરાત આપવાની પણ જરૂર નથી, ટ્રસ્ટીઓએ સામે ચાલીને આપણી જ્ઞાતિના તેમજ અન્ય પરિચિત અનુભવી અને નામાંકિત બીલ્ડર-ડેવલપર અને આર્કિટેક્ટસનો સંપર્ક કરી તેમને આ મિલકતોની વિગતવાર માહિતી આપી તેમના તરફથી પણ વૈકલ્પિક યોજનાઓ આમંત્રવી જોઈએ. જો મસ્જીદબંદરની મિલકતોને બાબતે જ્ઞાતિજનોના હિતાર્થે અને વધારેમાં વધારે ફાયદા મેળવવાનો ઉદ્દેશ હોય તો તેમણે ઉપરોક્ત ભાંડુપ અને કાંજુરમાર્ગની મિલકતોને પણ તે ઉદ્દેશ માટે સુસંગત ગણવી જોઈએ.

અલબત્ત, અત્યારે તો મુંબઈના બાંધકામને લગતા નિયમો અને નિયમનોને સરકાર અને નગરપાલિકા તરફથી આખરી સ્વરૂપ અપાયું નથી જેને હજી ત્રણ-ચાર મહીના લાગશે. તે પછી જ દરેક મિલકત બાબતે ઉપલબ્ધ બાંધકામ (ક્ષેત્રફળ)ની શક્યતાના પ્રમાણનો અંદાજ મળી શકશે. એટલે જ ટ્રસ્ટીઓએ આ દરમ્યાન જ્ઞાતિના તેમજ પરિચિત ડેવલપર્સ અને આર્કિટેક્ટસ્‌ને ટ્રસ્ટની સર્વ મિલકતોની જરૂરી માહિતી આપવી જોઈએ અને બાંધકામના નિયમનો આખરી બને તે પછી તેમની પાસેથી તેમના પુનર્વિકાસના મુદ્દે તેમ જ અન્ય રીતે કેટલી ગુંજાઈશ અને ક્ષમતા રહેલી છે તેમજ જ્ઞાતિને કઈ યોજના મહત્તમ લાભપ્રદ બની રહે તેવી છે તેનાં સવિસ્તર વૈકલ્પિક અભિપ્રાય - અહેવાલ મેળવી જ્ઞાતિ સમક્ષ મૂકવો જોઈએ. આમાં પણ, મસ્જીદબંદર-માંડવીની અનંતનાથજી જિનાલયની આસપાસની અને અનંતનિવાસ - અનંતભુવન સહિતની સર્વ મિલકતોના અહવોલોને પ્રાધાન્ય આપવું જરૂરી છે. એનું મુખ્ય કારણ એ છે કે અનંતનિવાસ અને જુનું અનંતભુવન તેમ જ દેરાસરજીની નજીકની સર્વે મિલકતો દેરાસર ખાતાની છે જેના ઉપલબ્ધ ફંડનો ઉપયોગ કરી ત્યાં પુનર્વિકાસ કરવાના ઉપક્રમમાં થોડી ઘણી નુકસાની થતી હોય તો પણ અનંતનાથજી જિનાલય નજીક આપણી વસતી કાયમી રહેવાની શક્યતા હોય તો તેવો તોટાડો જ્ઞાતિએ નિભાવી લેવો જોઈએ કે કેમ તે પ્રશ્ન ટ્રસ્ટીઓએ જ્ઞાતિ સમક્ષ લાવવો જોઈએ.

આ જ રીતે, ટ્રસ્ટીઓએ ભાંડુપ અને કાંજુરમાર્ગની મિલકતો અંગેના અહેવાલો મેળવી તે પણ જ્ઞાતિમંચ પર ખુલ્લી ચર્ચા-વિચારણા અર્થે રજુ કરવા જોઈએ.

ટ્રસ્ટીઓએ ભાંડુપની ઉક્ત જમીન મિલકત બાબતે તો મુંબઈ હાઈકોર્ટે સિત્તેરના દાયકામાં આપેલા ચુકાદાને અનુરૂપમાં જે સંબંધિત પૂર્તતા કરવાની રહે છે, તે આ પુનર્વિકાસ પ્રક્રિયામાં સમાવિષ્ટ કરવી પડશે તે પણ ભુલાવું ના જોઈએ. ટ્રસ્ટીઓએ તાજેતરમાં અન્ય નિર્ણયો લીધા છે, તેની પણ સમીક્ષા આ તબક્કે થવી જોઈએ.

ટ્રસ્ટના દેરાસર ખાતાની અકસ્યામતના ભાગરૂપ મસ્જીદબંદરના ઉપરોક્ત મકાનોમાં વસતા આપણા જ્ઞાતિજનોના લાભાર્થે તે મકાનોના પુનર્વિકાસના હેતુસર દેરાસર ખાતાના ફંડસનો ઉપયોગ કરવા અંગે ટ્રસ્ટબોર્ડ


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

દ્વિધામાં હોય કે અનિર્ણીત હોય તો તેની સામે ટ્રસ્ટીઓએ આ જ દેરાસર ફંડસ્‌નો વપરાશ અચાનક અને મુંબઈ મહાજનની પરવાનગી લીધા વિના કે જાણ કર્યા વિના જે હેતુસર શરૂ કર્યો છે તે મુદ્દો છે. કચ્છમાં રાણપુર ગામનાં જ્યાં જ્ઞાતિની બિલ્કુલ વસતી નથી તેમ જ છેલ્લાં સાતેક દાયકાથી જ્યાં દેરાસરજીમાં મૂર્તિઓ બહુધા અપૂજ રહેતી હોય છે તે દેરાસરજીના પુનર્નિર્માણ કે જીર્ણોદ્ધાર બાબતે દેરાસર ખાતાના ફંડનો ઉપયોગ કરવાનો ટ્રસ્ટીઓના નિર્ણયની યોગ્યતા અને યથાર્થતાનો પ્રશ્ન પણ જ્ઞાતિજનોમાં ચર્ચાઈ રહ્યો છે.

ટ્રસ્ટીઓ આ બધી બાબતે સ્પષ્ટતા નહીં કરે તો તેમના નિર્ણયો વિરોધાભાસી, વિસંગત અને અપરિપક્વ હોવા વિષેની માન્યતા ઓર પ્રબળ બનશે તે ચોક્કસ છે.

આજ રીતે ટ્રસ્ટીઓએ ત્રણેક સપ્તાહ પૂર્વે જ્ઞાતિજનો માટે 'આવાસ યોજના' અંગે ૩૦ જુલાઈ સુધીમાં 'માહિતી પત્રક' મોકલવા અંગેની કરેલી જાહેરાત મુંજવણ ઊભી કરે છે. અત્રે એ સૂચક છે કે ટ્રસ્ટીઓએ આ માહિતી પ્રાપ્ત કરવા પહેલાં તેને સંબંધીત પૂર્વનિર્ણય લીધો હોય જેમકે ટ્રસ્ટ પ્રસ્તાવિત આવાસ યોજના માટે ડોંબિવલી કે અન્ય સ્થળે જમીન મેળવવા કે તૈયાર ફ્લેટ મેળવવા કોઈ જમીન માલિકો કે સંસ્થા/ટ્રસ્ટ સાથે વાટાઘાટો કરી રહ્યું છે તે વિષે જ્ઞાતિને કે મુંબઈ મહાજનને કોઈ જાણકારી આપી નથી.

આ જાહેરાત પ્રકાશિત થઈ તે જ સમયગાળામાં ટ્રસ્ટીઓએ ડોંબિવલીમાં 'નવનીત નગર'ના સંચાલકો સાથે ત્યાં જ્ઞાતિજનો માટે ફ્લેટો મેળવવા વાટાઘાટો કરી હતી પરંતુ યોગ્ય પ્રતિભાવ ન મળતાં બીજી વ્યવસ્થા કરવા પ્રયત્નો થઈ રહ્યા છે.

અત્યારે તો ટ્રસ્ટીઓએ ડોંબિવલીની આસપાસ જમીન ખરીદી ત્યાં મધ્યમ કે નિમ્ન મધ્યમ વર્ગના જ્ઞાતિજનોને રહેઠાણ મળી શકે તે માટે મકાનો બાંધવા અંગે નિર્ણય લીધો છે. અને આગામી બે મહીનામાં ટ્રસ્ટબોર્ડ કોઈ નક્કર પગલું લેશે તેવી વાતો આવી રહી છે.

આ વિચારણામાં 'હોપ-૧૦૦૦'ની ડોંબિવલીની જમીનનો સમાવેશ થાય છે કે તે બાબત ટ્રસ્ટીઓ મગનું નામ મરી પાડતા નથી. અલબત, ટ્રસ્ટીઓ આ આખી વાત અંગે નક્કર કાર્યવાહીની ભૂમિકા તૈયાર ન થાય ત્યાં સુધી કોઈ સંકેતો ન આપે તે વ્યાજબી છે. પરંતુ 'હોપ-૧૦૦૦'ની જમીન ડોંબિવલી સ્ટેશનથી ઘણી ઘણી દૂર છે અને અગવડભરી છે તે કારણે ખુદ ડોંબિવલીવાસીઓ પણ તેને પસંદગી આપતા નથી તો તેની જ્ઞાતિ માટે ઉપયોગિતાનો પ્રશ્ન તેમજ તેને સાનુકૂળ કરવા કેવાં પગલાં લેવા જોવો તે પ્રશ્ન સાથેસાથ અનંતનાથજી ટ્રસ્ટે તેમાં રસ લેવો કે નહીં તે મુદ્દો પણ સમગ્ર જ્ઞાતિની વિચારણા માટે એક કાર્યસૂચિ મુંબઈ


## શ્રી કોઠારા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ટ્રસ્ટ કોઠારા (કચ્છ)

તા. અબડાસા, કોઠારા - કચ્છ, પીન કોડ - ૩૭૦ ૬૪૫. ફોન : ૦૨૮૩૧-૨૮૦૨૩૫
મુંબઈ કાર્યાલય : C/o. કે.એન. અજાણી, ૧૩૭ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૩.

## શ્રી કોઠારા તીર્થે ચાતુર્માસ પ્રવેશ અને શ્રી પર્યુષણ મહાપર્વે પધારવા

## ★★★★★★★★ ભાવભર્યું આમંત્રણ ★★★★★★★★

અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ની આજ્ઞા અને આશિર્વાદથી વિદુષી પ.પૂ. સાધ્વીશ્રી પુષ્પાશ્રીજી મ.સા. ના શિષ્યા, દિર્ઘ સંયમી પ.પૂ. સાધ્વીશ્રી હંશાવલીશ્રીજી મ.સા. ના શિષ્યા, પ.પૂ. સાધ્વીશ્રી હર્ષશીલાશ્રીજી મ.સા. તથા પ.પૂ. સાધ્વીશ્રી ચૈત્યશીલાશ્રીજી મ.સા. આદિ ઠાણા - ૨ નું ચાતુર્માસ** કોઠારા તીર્થને પ્રાપ્ત થયેલ છે. પૂજ્યશ્રીઓનું ચાતુર્માસ પ્રવેશ **અષાઢ સુદ ૧૨ને શનીવાર, તા. ૧૬-૦૭-૨૦૧૬** ના શુભ દિવસે થશે. તો આ પાવન પ્રસંગે સર્વે કોઠારાવાસીઓ તથા જ્ઞાતિજનોને કોઠારા તીર્થે પધારવા ભાવભર્યું આમંત્રણ. મંગળવાર, તા. ૩૦-૦૮-૨૦૧૬ ના પર્યુષણ મહા પર્વ શરૂ થાય છે તો ચાતુર્માસ તથા પર્યુષણ મહાપર્વ પધારવા હાર્દિક આમંત્રણ. ચાર્તુમાસના ચાર મહીના આરાધના કરવા માટે શ્રી કોઠારા મહાજન સહર્ષ આમંત્રણ આપે છે. સ્થાનિકે બધી સગવડો ઉપલબ્ધ છે. ઈચ્છુક આરાધકોએ કોઠારા તીર્થની મુંબઈ ઓફીસ અથવા સ્થાનિકે જાણ કરવા વિનંતી.

### શૈક્ષણિક સહાય-સ્કુલ કોલેજ ફી માટે

**શ્રી કોઠારા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ટ્રસ્ટ** દ્વારા નિવેદન કરવામાં આવે છે કે ચાલુ વર્ષે ધો. ૧ થી ૧૦ તથા કોલેજમાં ઉચ્ચ અભ્યાસ કરતા સર્વે કોઠારાના જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને સ્કુલ/કોલેજ ફી માટે અરજીપત્રક ટ્રસ્ટની મુંબઈ ઓફીસે તથા કચ્છ કોઠારા ઓફીસે ઉપલબ્ધ છે. અરજીપત્રક ફોર્મ મેળવી, સંપૂર્ણ વિગત ભરી ટ્રસ્ટની મુંબઈ ઓફીસે મોકલી આપવા વિનંતી.

**શૈક્ષણિક સહાય ફંડમાં જેમણે ફાળો નોંધાવેલ છે તેઓએ વહેલી તકે રકમ મોકલી આપવા નમ્ર વિનંતી.**

**શૈક્ષણિક સહાય ફંડમાં સહભાગી થવા ગામવાસી ભાઈ-બહેનોને નમ્ર અપીલ કરવામાં આવે છે.**

UPASANA - 9820167767

મહાજનની આગામી ૬ જુનની સામાન્ય સભાની વિચારણા અર્થે મૂકાઈ છે તે સભામાં મુંબઈના જ્ઞાતિજનો કેટલી સંખ્યામાં આજર રહેશે અને બધા પાસાંઓની છણાવટ કરી શો નિર્ણય લેવાશે તેની રસપ્રદ ઈંતેજારી સેવાઈ રહી છે તે સ્વભાવિક છે.

'અનંતછાયા'ના ડેવલપર ત્યાંની જમીન પર દેરાસરના બાંધકામમાં ઢીલ કરી રહ્યા છે તો તે અંગે શું કરી શકાય તે પ્રશ્ને કાનૂની સલાહ – અભિપ્રાય મેળવવા થોડા સમય પહેલાં ટ્રસ્ટીઓએ મુંબઈ હાઈકોર્ટના સીનીયર કાઉન્સેલનો સંપર્ક કર્યો. ટ્રસ્ટીઓએ ઉક્ત દેરાસરજી બાબતે કોઈ કાનૂની નિષ્ણાતની સલાહ લીધા વિના જ ઉક્ત ડેવલપરને કેટલાક પત્રો લખ્યા હતા. અનંતછાયાની જમીનની માલિકી હજી પણ ટ્રસ્ટની છે અને ડેવલપર કરારની કોઈ કલમનો ભંગ કરતો હોય તો તેને આવશ્યક કાનૂની નોટીસ મોકલવાની વિધિ કરવામાં ટ્રસ્ટીઓ અનિવાર્ય વિલંબ કરે અને તેવી જ રીતે 'અનંતછાયા'ના ઉક્ત કરારમાં ભાડુતોના હિતોને રક્ષતી તેમજ ટ્રસ્ટનો હક્કોને સ્પર્શતી જોગવાઈઓ હોવાં તે સમગ્ર બાબતે ટ્રસ્ટે કાનૂની નિષ્ણાતની નિમણુંક કરવા ટ્રસ્ટીઓને એક વર્ષથી વધારે સમય લાગે તે હકીકતો ટ્રસ્ટીઓની ટ્રસ્ટ વહીવટમાં ગંભીર ઉણપો પ્રતિ અંગુલિ નિર્દેશ કરે છે.

આ રીતે ટ્રસ્ટીઓએ આવાસ યોજના, 'અનંતછાયા'ના ડેવલપર સાથેના કરારની આંટીઘુંટીઓ, ટ્રસ્ટની સ્કીમને સ્પર્શતી મુંબઈ મહાજનના બંધારણની જોગવાઈઓ, ટ્રસ્ટની મિલકતો તથા લાભાર્થીઓના હિતો, ચેરીટી કમીશ્નર સમક્ષની અને પબ્લીક ટ્રસ્ટ એક્ટ હેઠળની વિધિપૂર્તતા, ટ્રસ્ટી તરિકેની પોતાની સત્તાઓ અન્ય ટ્રસ્ટીઓને સોંપવા કે નીમવા વિગેરે ગંભીર બાબતો વિશે માર્ગદર્શન મેળવવા કોઈ કાનૂની નિષ્ણાત અને આર્કિટેક્ટ જેવા પ્રોફેશનલ સલાહકારોની નિમણુંક કરવા અથવા તેમના સલાહ – અભિપ્રાય લેવાની મહત્ત્વની બાબતે યોગ્યતાઃ કાળજી દાખવી નથી. આને લીધે તેઓ ક્ષતિયુક્ત અને ઉતાવળા નિર્ણયો લઈ રહ્યા છે જેમાં તેમના બેવડા અને વિરોધાભાસી અભિગમો વર્તાઈ રહ્યા છે.

હજી સુધી તો, જ્ઞાતિમાં અને ખાસ કરીને મુંબઈના જ્ઞાતિજનોમાં વર્તમાન ટ્રસ્ટબોર્ડ ટ્રસ્ટ વહીવટમાં સમુચિતપણે કાર્યદક્ષ અને સક્ષમ હોય તેવી પ્રતિમા ઊભારી શક્યું નથી.

જ્ઞાતિને ટ્રસ્ટીઓ માટે વિચક્ષણ, સંનિષ્ઠ અને પ્રભાવી વહીવટકર્તાઓ તરિકેનો વિશ્વાસ જગાવવામાં હવે વધુ મોડું ન થયું જોઈએ.

– **રા.**

---

જય જય શ્રી અનંતનાથ

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી, ૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મુંબઈ-૪૦૦ ૦૦૯.**

**ફોનઃ ૨૩૪૪ ૮૨૭૪**

## સામાન્ય સભા

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ ની એક સામાન્ય સભા સંવત ૨૦૭૨ ના જેઠ સુદ ૦૨ના સોમવાર તા. ૦૬.૦૬.૨૦૧૬ ના સાંજના ૬.૦૦ કલાકે શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી ના ઉપાશ્રયમાં નીચે દર્શાવેલ કાર્યસૂચી પર સામાન્ય સભામાં ચર્ચા, વિચારણા અને નિર્ણય લેવા બાબત એકત્ર થશે.**

**કાર્યસૂચી**

૧. ગત તા. ૨૯.૦૬.૨૦૧૫ ની સભાની કાર્યવાહિનુ વાંચન અને બહાલી.
૨. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ વ્યવસ્થાપક સમિતિની સભામાં સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ વર્ષ ૧૨-૧૩, ૧૩-૧૪, ૧૪-૧૫ ના અન્વેષિત (Audited) હિસાબોને મંજુરી આપવા બાબત.
૩. શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ ના ભંડોળમાંથી ઐરોલી મહાજન વાડી માટે પાછા આપવાની શરતે રૂા. ૭,૦૦,૦૦,૦૦૦/- (સાત કરોડ) પુરાની મંજુરી આપવા બાબત.
૪. શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો થી આવેલ તા. ૩૦.૦૩.૨૦૧૬ પત્ર મુજબ દેવદ્રવ્ય ફાળવવા બાબત.
૫. શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો થી આવેલ તા. ૧૯.૦૫.૨૦૧૬ પત્ર મુજબ શ્રી ક.દ.ઓ. હોપ ૧૦૦૦ ના તા. ૦૨.૧૦.૨૦૧૩ ની સામાન્ય સભામાં કરવામાં આવેલ ઠરાવ ક્રમાંક ૧માં ફેરબદલી કરવા બાબત.
૬. શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન ની મહાસમિતિ માટે ૬૬ પ્રતિનિધિઓના નામની સૂચી સમિતિએ ભલામણ કરેલ છે તેને મંજુરી આપવા બાબત.
૭. પ્રમુખશ્રી ની મંજુરી થી કે તેમના દ્વારા જે કાંઈ રજુઆત થાય તે.

**એજ લિ. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈવતી**

**રમેશ હીરજી લોડાયા / ચેતનકુમાર ખીમજી મોમાયા (માનદ્‌મંત્રીઓ)**

**નોંધ :**
૧. સભાના મુકરર થયેલ સમયની અંદર કાર્યસાધક હાજરી ન થાય તો તે સભા બંધારણની કલમ ૧૨(૧) મુજબ મુલત્વી રહેલી ગણાશે, તે સભા અડધા કલાક બાદ તે જ સ્થળે મળશે.
૨. મુલત્વી રહેલી સભામાં કાર્યસૂચી ઉપર દર્શાવેલ કાર્યો જ હાથ ધરી શકાશે. પ્રમુખશ્રી તરફથી કે તેમની સંમતિથી અથવા કોઈ રીતે નવીન કાર્યો હાથ ધરી શકાશે નહી.
૩. ત્રણે વર્ષની (ઓડિટેડ) અન્વેષિત હિસાબોની નકલ મહાજનશ્રીની ઓફિસમાં જોવા માટે ઉપલબ્ધ છે. સમય બપોરના ૩.૦૦ થી ૫.૩૦ દરમ્યાન સંપર્ક કરવો.

# પ્રતાપી પૂર્વજો

**રમેશ મુલજી લોડાયા** (ભરૂડિયા-મુલુંડ) મો. 098203 36767

'કહેવાય છે કે કચ્છીઓ જેવું કોઈનું ખમીર નહીં. દુષ્કાળ, વિષમ હવામાન, દરિયાઈ તોફાનો તો ઠીક પરંતુ ઈ.સ. ૧૮૧૯નો ભયંકર ભુકંપ પણ કચ્છી પ્રજાની ખુમારીને બદલી શક્યો નથી. ઈ.સ. ૧૮૧૯ના ભુકંપે સિંધુના વહેણ બદલાવી નાખ્યા, ફળદ્રુપ જમીનને વેરાન રણમાં ફેરવી નાખી. સિંધુએ મોં ફેરવી લીધું તો તેની પરવા કર્યા વગર પોતાના હૈયે રણને રાખીને જીવવા જેટલી ખુમારી કચ્છીઓમાં છે એટલી બીજી કોઈ પ્રજામાં નથી.' આ શબ્દો છે પ્રસિધ્ધ લેખક ગુણવંત શાહના, કચ્છની આવી તાસીરથી અહીં ઘણાં સાગર ખેડુઓ પાક્યા છે. જેઓ આજથી ૬૦૦-૭૦૦ વરસ પહેલા સાત સમંદર ખેડી વેપાર કરતા હતા.

પશ્ચિમનાં દેશોએ યુરોપમાંથી ભારતનો દરિયાઈ માર્ગ શોધી ભારત સાથે વેપાર કરવાના પ્રયત્નો કર્યા. ઈ. સ. ૧૪૯૨માં કોલંબસ નીકળ્યો પરંતુ ભારત સુધી ન પહોંચ્યો અને અમેરિકા શોધ્યું અને તેને જ ભારત માની બેઠો. અમેરિકા એ વખતે અંધારિયો પછાત ખંડ હતો. ત્યાર બાદ ઈ. સ. ૧૪૯૭માં પોર્તુગલથી વાસ્કો ડી ગામા નીકળ્યો પણ પશ્ચિમ આફ્રિકાથી થઈ દક્ષિણ આફ્રિકાથી માંડ માંડ પૂર્વ આફ્રિકા સુધી પહોંચી શક્યો. પૂર્વ આફ્રિકાના મીલીંદી બંદર સુધી માંડ માંડ પહોંચ્યો. ભારત પહોંચવું મુશ્કેલ હતું. રસ્તો ખબર નહીં. તેણે મીલીંદના સુલતાનની સહાય માંગી. સુલતાને મદદ કરવાની જવાબદારી નૌકાશાસ્ત્રનાં જાણકાર કચ્છ માંડવીના કાનજી માલમને સોંપી જેની મદદથી વાસ્કો ડી ગામા ૨૦મી મે ૧૪૯૮ના ભારત પહોંચવામાં સફળ થયો અને કલીકટ બંદરે આવ્યો. ઈતિહાસ વાસ્કો ડી ગામાને યુરોપથી ભારતના દરિયાઈ રસ્તાના શોધક માને છે પરંતુ ખરું માન કાનજી માલમને જાય છે. કચ્છમાંથી રૂ, ગળી, ઉન લઈ જઈ આફ્રિકામાંથી સોનું, હાથીદાંત લાવવાનો વેપાર કચ્છી વહાણવટીઓ કરતા.

એ વખતનાં સઢવાળા વહાણોથી મુસાફરી કરવી ખૂબ જ જોખમી હતી. તોફાની સફર, રસ્તામાં ચાંચીયાઓ, લુંટારાઓનો ભય, સંદેશાના કોઈ સાધનો નહીં, ૬ થી ૮ મહિનાની લાંબી સફર, ખાવા પીવાની તકલીફ. આવા સમયે કચ્છનાં સાગર ખેડૂઓ માંડવી બંદરથી મલબાર, સિંધ, અરબસ્તાન અને આફ્રિકાના દેશોમાં વેપાર ખેડતા. માંડવી કચ્છનું મુખ્ય બંદર જ્યાં ૮૪ બંદરના વાવટાઓ ફરકતા. લાંગરેલા વહાણ પર જે દેશનું વહાણ હોય તે દેશનો ધ્વજ ફરકતો. માંડવીના જહાજવાડામાં વિશાળ જહાજો બનતા. આજથી ૨૦૦ વરસ પહેલાં માંડવીના વેપારીઓના પોતાના ૪૦૦ જેટલા વહાણો હતા તે આ શહેરની એ કાળની સમૃધ્ધિ દેખાડે છે. આજુબાજુના ગામડામાંથી અનેક લોકો માંડવી બંદર ઉપર મજૂરી કરી ગુજરાન ચલાવતા.

આવો એક પુરુષ આજથી ૨૦૦ વરસ પહેલા મજૂરી કરવા માંડવી બંદર આવી વસ્યો. મજૂરી કરી માંડ માંડ પોતાનું ગુજરાન ચલાવે. એનો ૫-૭ વરસનો પુત્ર. અતિ પરિશ્રમ ભરી જીંદગીમાં પુરુષ ઈચ્છતો કે તેનો પુત્ર ભણે અને પરદેશ કમાવા જાય. દીકરાને


|| શ્રી ચંદ્રપ્રભુસ્વામિ નમઃ ||     || શ્રી જ્વાલામાલીની નમઃ ||

## શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસરજી અને મહાજન ટ્રસ્ટ

**સામાન્ય સભાનો પરિપત્ર**

### શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન-લાલાની સામાન્ય સભા

### રવિવાર, તા. ૧૯-૬-૨૦૧૬, બપોરે 3.30 કલાકે

**સ્થળ :** મેપાણી હોલ, દેવપુંજ, કસ્તુરબા રોડ, મુલુંડ (વે).

મધ્યે નીચે દર્શાવેલ કાર્યસૂચી પ્રમાણે કાર્યો હાથ ધરવા મળશે. દરેક ગામવાસીઓને આ સભામાં હાજર રહેવા વિનંતી.

**કાર્યસૂચી**

૧) ટ્રસ્ટના હિસાબોની રજુઆત અને બહાલી.

૨) તા. ૩૦-૮-૨૦૧૬ થી પ્રારંભ થતા પર્યુષણ પર્વ બાબત રૂપરેખાની વિચારણા

૩) પ્રમુખશ્રી દ્વારા અથવા તેમની સંમતિથી જે કાઇ રજુ થાય તે.

**લિ. : શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ**

પ્રમુખશ્રી : શ્રી કુસુમકાંત ટોકરશી નાગડા     ઉપપ્રમુખ : શ્રી નવીનભાઇ હીરજી દંડ (શાહ)

**નોંધ :** સભાના મુકરર થયેલ સમયથી અડધા કલાકની અંદર કાર્યસાધક હાજરી ન થશે તો તે સભા બંધારણીય રીતે મુલવતી રહેશે અને તે મુલતવી રહેલ સભા અડધા કલાક બાદ તેજ સ્થળે મળશે. મુલતવી રહેલી સભામાં કાર્યસૂચી ઉપર દર્શાવેલ કાર્યો જ હાથ ધરી શકાશે. પ્રમુખશ્રી તરફથી કે તેમની સમતિથી અથવા અન્ય કોઇ રીતે નવીન કાર્યો હાથ ધરી શકાશે નહીં.

।। શ્રી ગોડિયા પાર્શ્વનાથાય નમ: ।।

# શ્રી રાપરગઢવારી-નાની સિંધોડી ક.દ.ઓ. જૈન સંઘ

શ્રી રાપરગઢવારી તીર્થે પર્વાધિરાજ પર્યુષણ પર્વની આરાધના
માટે ગામવાસીઓ તથા નિયાણી બહેનોએ સહપરિવાર પધારવા

## ભાવભર્યું આમંત્રણ

પર્વાધિરાજ પર્યુષણ પર્વ પ્રારંભ
શ્રાવણ વદ-૧૩,
મંગળવાર,
તા. ૩૦.૦૮.૨૦૧૬

પર્વાધિરાજ પર્યુષણ પૂર્ણાહૂતિ
ભાદરવા સુદ-૬,
બુધવાર,
તા. ૦૭.૦૯.૨૦૧૬

ખાસ નોંધ :

**માતુશ્રી દેવકાબાઇ ટોકરશી લોડાયા પરિવાર**

**હસ્તે : લલિતાબાઇ ટોકરશી લોડાયા-હૈદ્રાબાદ વાળા તરફથી**

સ્થાનિકે પધારનાર ભાગ્યશાળીઓને રેલ્વેની સેકન્ડ ક્લાસ ટીકીટનું મૂલ્યાંકન પરત આપવામાં આવશે.

## શ્રી પાર્શ્વનાથ જૈન દેરાસરજી અને ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટ (રાપરગઢવારી)

### વાર્ષિક સામાન્ય સભા

**ભાદરવા સુદ-૪, રવિવાર, તા. ૦૪.૦૯.૨૦૧૬ના બપોરે ૨:૦૦ કલાકે**

સ્થાનિકે વિવિધલક્ષી હોલમાં રાખવામાં આવેલ છે.

**કાર્યસૂચી**

૧. ગત સામાન્ય સભાની મીનીટનું વાંચન તથા બહાલી.
૨. વર્ષ ૨૦૧૬ થી ૨૦૨૧ સુધીના નવા ટ્રસ્ટબોર્ડની નિમણુંક બાબત.
૩. સભાના પ્રમુખશ્રીની મંજૂરીથી અન્ય વિષયો પર ચર્ચા વિચારણા.

## શ્રી રાપરગઢવારી-નાની સિંધોડી ક.દ.ઓ. જૈન સંઘ

### વાર્ષિક સામાન્ય સભા

**ભાદરવા સુદ-૪, રવિવાર, તા. ૦૪.૦૯.૨૦૧૬ના બપોરે ૪:૩૦ કલાકે**

સ્થાનિકે વિવિધલક્ષી હોલમાં રાખવામાં આવેલ છે. બન્ને ગામવાસીઓ એ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**કાર્યસૂચી**

૧. ગત સામાન્ય સભાની મીનીટનું વાંચન તથા બહાલી.
૨. વર્ષ ૨૦૧૬ થી ૨૦૨૧ સુધીની નવી વ્યવસ્થાપક સમિતિની નિમણુંક બાબત.
૩. સભાના પ્રમુખશ્રીની પરવાનગીથી અન્ય વિષયો પર ચર્ચા વિચારણા.



**લિ. શ્રી પાર્શ્વનાથજી જૈન દેરાસરજી અને ક.દ.ઓ મહાજન-ટ્રસ્ટ**
**શ્રી રાપરગઢવારી-નાની સિંધોડી ક.દ.ઓ. જૈન સંઘ**
**ના જય જિનેન્દ્ર**



સ્કુલમાં ભણવા મોકલ્યો પણ ભણવામાં ધ્યાન નહીં. મોકો મળે એટલે બંદર રોડ પર આવી બેસી જાય. દૂર દૂર ઉછળતા મોજાના તરંગો અને લાંગરેલા પડાવ, નાવડી, કોટીયા, ગંજા, બતેલા અને બગલા જેવા વિવિધ વહાણોને જોયા કરે અને મનમાં શમણા બાંધે કે હું પણ મોટો થઈ વહાવટું ખેડીશ, મોટો વેપાર કરીશ. પિતા બાળકને ભણવા માટે સમજાવે પરંતુ બાળક માને નહીં. આખરે કંટાળી પિતાએ પુત્રને તેના મુંબઈમાં ગોદીમાં મુકાદમી કરતા મામા સારંગશેઠ પાસે મોકલી આપ્યો.

બાળકને ગોદીમાં તો ઓર મઝા આવી ગઈ. અહીં તો માંડવી કરતા મોટા વહાણો હતા. માલની મોટી હેરાફેરી હતી. બાળકને પોતાનાં સપનાં સાકાર કરવાની તાલાવેલી લાગી. મામાની પેઢીએ કામ કરવા લાગ્યો. જરૂરી અક્ષરજ્ઞાન પણ મેળવી લીધું. ખૂબ જ ચીવટથી કામ કરવા લાગ્યો. મામાએ ભાણેજનું હીર પારખી લીધું. બાળકના પિતાને સમાચાર મોકલ્યો તમે થોડા રૂપિયા ભેગા કરો અને મોકલાવો, તમારા પુત્રમાં ધંધો કરવાનાં બધા ગુણો છે.

પિતાએ તનતોડ મહેનત કરી પાંચ હજાર જેટલી મૂડી ભેગી કરી મુંબઈ પુત્રને ધંધો કરવા મોકલાવી. મામાએ સાથ આપ્યો. બાળક હવે ૧૫-૧૬ વરસનો હતો. બજારમાંથી મોટા વેપારીઓ પાસેથી કાથી લઈ વેંચવાનો ધંધો શરૂ કર્યો. ધંધામાં સારી ફાવટ આવતા મલબારથી સીધો માલ મંગાવી વેપાર કરવા લાગ્યો. આગળ જતાં વહાણમાં સઢ બાંધવામાં અને લંગરમાં વાપરવામાં આવતા રસ્સા (જાડા દોરડા)નો ધંધો શરૂ કર્યો.

આ ધંધામાં ઘણા વહાણવટીઓ, નાવિકોના સંપર્કમાં આવ્યો. એમની પાસેથી દરિયાઈ મુસાફરીની વાતો સાંભળી સાગર ખેડવાની ઈચ્છાએ જોર પકડ્યું. હવે પોતાની પાસે સારી મૂડી તો થઈ ગયેલી અને અન્ય વેપારીઓની જેમ મુંબઈ થી માલ ભરી દૂર અખાતના દેશો અને આફ્રિકા ખેડવાનું અને ત્યાંથી મુંબઈમાં વેંચાતો માલ લઈ વધુ ધન કમાવાની તાલાવેલી લાગી.

મામાને પોતાનો વિચાર જાહેર કર્યો. દરિયો ખેડવા સફરમાં જવાની વાતથી મામા ધ્રુજી ઉઠ્યો. એ સમયની સફરોમાં પડતી મુશ્કેલી અને જોખમોથી મામા વાકેફ હતા. એ સમયનાં શ્રીમંત વેપારી મોતીશાહ સોદાગરના વહાણ હતા પરંતુ તેઓએ આવી હિંમત ન હોતી કરી. મામાએ સફરનાં જોખમો સમજાવ્યા પરંતુ હિંમત હારે તો કચ્છી માડુ શાનો? યુવાનની જીદ સામે મામાએ હેઠું મુક્યું.

એક જહાજ ભાડે લઈ, અખાત-આફ્રિકાના બંદરે ચાલે તેવો માલ ભરી સફરની શરૂઆત કરી. બસરા, એડન, મોખા, હોડડો તરફ પ્રયાણ કર્યું. નાની વયનો યુવાન અને વળી વણિક જાણી તેમજ વહાણમાં ઘણી કિંમતનો માલ જોઈ. વહાણના નાવિકની દાનત બગડી. નાવિકે વહાણનું સુકાન બીજી દિશામાં ફેરવ્યું. તેનો મનસુબો વહાણને ચાંચીયાઓના વિસ્તારમાં લઈ જઈ, લુંટાવી. ધનમાંથી ભાગ કમાવાનો હતો. નાવિકની વાતચીત અને વર્તનથી યુવાનને શંકા પડી. પરંતુ મધ દરિયે કરી પણ શું શકે? ભલે વણિક હતો પરંતુ ખમીર તો કચ્છનું ને? હિંમત હાર્યા વગર વિચારવા મંડ્યો. એવામાં કુદરતે યારી આપી. દૂરથી કોઈ મોટું જહાજ આવતું દેખાયું. યુવાને ચતુરાઈ પૂર્વક નાવિકનું ધ્યાન ચૂકવી બીજી બાજુ તુતક પર જઈ આવી રહેલા વહાણને સહાય માટે સંકેત કર્યો. વહાણ નજદીક આવતા તેનો કપ્તાન જે અંગ્રેજ હતો તે સમજી ગયો કે કંઈક અજુગતું છે. જહાજ નજદીક આવતા યુવાને ભાંગી તુટી ભાષામાં કપ્તાનને સમજાવ્યું. અંગ્રેજ કપ્તાનને યુવાન પર દયા આવી. પરિસ્થિતિ


## નારી ફેશન - ઘાટકોપર

**ડિઝાઈનર સ્ટુડીયો**

**ગીરીશ ગાલા - હેમન ગાલા પ્રસ્તુત**

- એક્સક્લુસીવ ડિઝાઈનર ચણીયા ચોલી
- ફેન્સી પાર્ટીવેર સાડી
- પીટા - ઉપાડા સાડી
- હેન્ડ વર્ક પારસી
- ફ્રેન્ચનોટ
- બટકસબ સાડી
- ફેન્સી હાફ-હાફ બાંધણી
- જીણા બંધેજમાં ડિઝાઈનર બાંધણી
- ટ્રેડિશનલ-ફેન્સી બોર્ડરના ખજાના પર ૧૦-૫૦% છુટ.

**આ અવસર ચુકશો નહીં. એકવાર જરૂર પધારો.**

**નારી ફેશન, ૮, લક્ષ્મી પેલેસ, ૬૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.**

**022-2501 5570** રવિવાર બંધ



## લગ્ન સંબંધી

મુંબઈ-ડોંબિવલી સ્થિત, ઉમર ૨૮, ઉંચાઈ 5'8", વજન 60 kg., B.E. Software Engineer, પ્રતિષ્ઠિત IT કંપનીમાં નોકરી કરતા Well-settled, માંગલિક યુવક માટે કન્યાના વડીલોએ ફોટો, બાયોડેટા અને કુંડલી સાથે સંપર્ક સાધવો.

**જાહેરાતનો હેતુ યોગ્ય પસંદગી.**

**Seeking alliance for Dombivli, Mumbai based Well-Settled Mangalik, 28 year, 5'8", 60 kg., B.E. Software Engineer, working in a reputed IT Company. Parents of the Suitable Girls**

**Contact with Photo, Biodata and Kundli.**

**097698 45458**

**kutchiengineer@gmail.com**

।। તિર્થાધિપતિ શ્રી મહાવીર સ્વામીને નમ:।।

# શ્રી જખૌ રત્નટૂંક જૈન ટેમ્પલ તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ

જખૌ, તા. અબડાસા, કચ્છ, ગુજરાત – ૩૭૦ ૬૪૦. ફોન : ૦૨૮૩૧ – ૨૮૭૨૨૪



## ચાતુર્માસ પ્રવેશ વેળાએ ભાવભર્યું આમંત્રણ

શ્રી અચલગચ્છાધિપતિ **પ.પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. તથા પ.પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વર મ.સા.ની** પરમ કૃપાથી તથા આપણા સંઘના ભાગ્યોદયે, ટ્રસ્ટબોર્ડની વિનંતી સ્વીકારાતા તેમના આજ્ઞાવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધર્મકિર્તી મ.સા.** ના શિષ્યા **પ.પૂ. સાધ્વીશ્રી જયકિર્તી મ.સા.** નું ચાતુર્માસ પ્રાપ્ત થયેલ છે. તેમનો ચાતુર્માસ પ્રવેશ **અષાઢ સુદ ૨ ને બુધવાર તા. ૦૬–૦૭–૨૦૧૬ નાં સવારે ૭.૦૦ કલાકે ધામધુમથી ઉજવાશે.** આ પ્રસંગે સાધર્મિક ભક્તિનો લાભ **માતુશ્રી સોનબાઈ વિશનજી ખીમજી મૈશેરી પરિવારે** લીધેલ છે. સર્વે ગામવાસીઓ તેમજ નિયાણી બહેનોને સહપરિવાર પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે.

## પર્વાધિરાજ પર્યુષણ પર્વની આરાધના માટે ભાવભર્યું આમંત્રણ

